આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૧/૦૯/૨૦૨૬ થી તા.૨૭/૦૯/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ **મો. નં.: 9825726442**
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- આવક વધવાથી વીક ઉત્સાહજનક પસાર થાય. નવા રોકાણ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય. સામાજીક જીવનમાં નવા સંબંધો બને. નવી નોકરીની તક ઊભી થાય. મોજશોખના ધંધામાં આવક વધશે. સરકારી નોકરીમાં નવી જવાબદારી આવે. પરીક્ષામાં સફળતા મળે. મિત્રો સાથે નવા પ્રોજેક્ટમાં કામથી નવું શીખવા મળે. પ્રેમમાં ગેરસમજ થાય. શેરબજારમાં નવા રોકાણ થાય. વિદેશ પ્રવાસનાં કામમાં કાયદાકીય મદદ મળે. પ્રવાસમાં સાવધાન રહેવું.

વૃષભ (બ,વ,ઊ):- સપ્તાહ તમારી મહેનતનું ફળ આપનાર રહેશે. ઘરમાં કોઈને સફળતા મળે. શુભ કાર્યમાં ખર્ચા વધે. ઈન્ટરવ્યુના હકારાત્મક પરિણામ આવે. આર્થિક બાબતે પ્રગતિથી નવા રોકાણ થાય. આયાત-નિકાસ તથા ઉચ્ચ શિક્ષણને લગતાં કામ થાય. સરકારી નોકરીયાતે લાલચથી બચવુ. મોજ-શોખના ધંધામાં આવક વધશે. સંતાનોના કેરીયરમાં મિત્રોની મદદ મળે. નવાં રોકાણથી લાભ થાય. પ્રેમમાં સામાન્ય રહે. આવક વધે.

મિથુન (ક,છ,ઘ):- ચાલુ વીકમાં વીમાં એજન્સી વિલ-વાસાને લગતાં કામમાં સાવધાની રાખવી. વિશ્વાસ ઘાત થઈ શકે છે. ગુપ્ત વિદ્યા-અધ્યાત્મ મંત્ર-તંત્ર વગેરેમાં રસ રાખનારને અલૌકિક અનુભવ થઈ શકે છે. સહકર્મીઓનો સાથ મળે. તેમજ યોગ્ય સલાહ અને બૌદ્ધિક લોકોની મુલાકાત અને ટીમ વર્કથી નવું શીખવા મળે. પારીવારિક સંબંધો મજબૂત બને. પ્રોપર્ટીને લગતા રોકાણ થાય. ધંધામાં નવા સોદા પાર પડે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થઈ શકે.

કર્ક (ડ,હ):- સપ્તાહ દરમિયાન ઘર-પરિવારમાં ઉત્સાહજનક ખુશીના પ્રસંગનું આયોજન થાય. નાના સભ્યોના કાર્યમાં સફળતા મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહનો ઓફર આવે. કોર્ટ-કચેરીમાં ધીરજ રાખવી. બીજાને મદદ કરતાં લાગણી પર કાબૂ રાખવો. આગ, અકસ્માત, પાણી, ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. સરકારી યોજનાનો લાભ મળે. લાંબા અંતરની યાત્રા થાય. ધાર્મિક પ્રવાસ, સાહિત્યને લગતાં કામમાં આવક વધશે.

સિંહ (મ,ટ):- ચાલુ વીકમાં આર્થિક વ્યવહાર, બેંક, તેમજ ઉધાર-લેવા-દેવા બાબતે સાવધાની રાખવી પડશે. અચાનક વડીલોના આરોગ્યને લગતાં ખર્ચા આવી શકે છે. નોકરીમાં નવી જવાબદારી મળે. હરીફોની પીછેહઠ થાય. સરકારી કામમાં મદદ મળે. સમાજ અને કુટુંબ જીવનમાં તાલમેળ રાખવો પડશે. દાંપત્યમાં અશાંતિ રહે. રોજના કામ-ધંધા વગેરેમાં પ્રગતિ અને આવક વધે. ખાવા-પીવા બાબતે સંયમમાં રહેવું.

કન્યા (પ,ઠ,ણ):- ચાલુ વીકમાં સહકર્મી અને સંતાનોના કામમાં મદદરૂપ બનશો. મોજ-શોખ, પ્રવાસ, શિક્ષણ, શેરબજાર,ગારમેન્ટસ વગેરે કામમાં લાભ થાય. વિદ્યાર્થીઓને ભવિષ્યની યોજનાનો લાભ મળે. ઈન્ટરવ્યુ પરીક્ષામાં તક મળે. પ્રેમમાં ગેરસમજ થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. નોકરીમાં હરીફો અને વિજાતિય સહકર્મીઓથી સાવધાન રહેવું. અચાનક નવી તક મળે. પારીવારિક પ્રશ્નો હલ થાય. કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. આવક વધશે.

તુલા (ર,ત):- પોતાની જાતને સંતોષ પૂર્ણ આર્થિક સ્થિરતાનો અનુભવ કરાવનાર વીક રહેશે. પોતાના હાથ નીચે કામ કરનારને મદદરૂપ બનશો તેમજ પોતાના સ્વતંત્ર ધંધામાં નવી યોજનાનો અમલ કરી શકાય. માતા-પિતા તથા ભાઈ બહેનો સાથે સમાજીક સંબંધો મજબુત બને. મિત્રો સાથે વિવાદનો અંત આવે. વારસા, નવા ઘર અને જમીન, વાહનને લગતાં કામ થાય. નોકરી ધંધા માટે પ્રવાસ સફળ રહે. પ્રેમ સંબંધોમાં ગેરસમજ દૂર થાય. નવા રોકાણ થાય.

વૃશ્ચિક (ન,ય):- ચાલુ વીક બુદ્ધિ, કુશળતા, દૂરદર્શિતા અને આત્મવિશ્વાસથી પોતાનું લક્ષ્ય પૂરું કરી શકાય નાની- નાની વાતોનું ધ્યાન રાખવાથી કુટુંબના સામાજીક પ્રસંગ- સફળ બને. માન વધે. આર્થિક રોકાણમાં યોગ્ય માર્ગદર્શન મળે. બીજા સાથે વાણી-વ્યવહારમાં સંયમ રાખવો. દલાલી, મોજશોખના ધંધામાં આવક વધશે. પારીવારિક બાબતે લાગણીઓ પર કાબુ રાખવો. પ્રેમમાં એક બીજાનું માન રાખવું. વિદ્યાર્થીઓને નવી તક મળે.

ધન (ભ,ધ,ફ,ઢ):- તમારી શારીરિક ક્ષમતા અને ફીટ આરોગ્ય નવાં પ્રોજેક્ટને સફળ કરવામાં મદદરૂપ બને. ચાલુ વીક આત્મવિશ્વાસ અને કાર્યકુશલતા પૂર્ણ રહેશે. નવા અવસર મળે. પરિવારમાં વાણી અને ગુસ્સાથી બચવું. આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે. મોજ-શોખ, ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું બને. ઘર-સમજ- પરિવારનાં કામમાં વ્યસ્ત રહેવાનું બને. પ્રેમમાં સાથ મળે.

મકર (ખ,જ):- સપ્તાહ દરમિયાન આર્થિક બાબતે પ્લાનિંગથી ખર્ચા કરવા અને આરોગ્યનું ધ્યાન રાખવું. ગુપ્તભય સતાવે. સંતાનોના કામની ચિંતા રહે. વિદેશથી શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં નવી જવાબદારી વધે. ધંધામાં નવું સાહસ પાર પડે. ખાણી-પીણીના ધંધામાં આવક વધે. દલાલી, મિડીયા, શિક્ષણ પ્રવાસ વગેરેને લગતા કામ સફળ બને. આવક વધવાથી ઉત્સાહ

કુંભ (ગ,સ,શ,ષ):- સપ્તાહ મહેનત અને સકારાત્મક વિચારોથી સફળતા આપનાર રહેશે. આવક વધારવાની યોજના પાર પડે. મિત્રો સાથે નવી વ્યવસાયની યોજના બને. પ્રેમમાં સમજદારી વધે. અભ્યાસમાં નવું શીખવા મળે. શેર બજારમાં નવા રોકાણ થાય. વિદેશ પ્રવાસના કામમાં પ્રગતિ થાય. શત્રુઓની પીછે હઠ થાય. આરોગ્ય સુધરે નવા સામાજીક સંબંધથી માન વધે. નોકરીમાં પ્રમોશન થાય. મિલન-મુલાકાત થાય.

મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ વીકમાં વડીલો મિત્રો વગેરેની મદદથી પસંદગીના કામની શરૂઆત થાય. વેપારનો વિસ્તાર કરવાની યોજનામાં પ્રગતિ થાય. નોકરીમાં ઊપરી વર્ગનો સાથ મળે. પ્રમોશન થાય. જાહેર જીવનમાં યસ મળે. મોજશોખના ધંધમાં આવક વધે. નવા આર્થિક રોકાણ થાય. આર્થિક પ્રગતિની તક મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. વિદ્યાર્થીઓની પરીક્ષા હકારાત્મક રહે. વિદેશનો કામ થાય. દાંપત્યમાં તાલમેળ રહે. આવક વધે.

યોગી આદિત્ય નાથ - પૂર્વ જન્મના કર્મનું ફળનું નિદેર્શન

હાલમાં યોગી આદિત્યનાથને સાડા સાતીનો ત્રીજો ઉતરતો તબક્કો ચાલે છે

કોઈ પણ જાતકની કુંડલીનો આઠમોભાવ ત્યાં રહેલ રાશિ અને ગ્રહ વગેરે જાતકના પુનર્જન્મનું નિર્દેશન કરે છે અને આઠમાં ભાવના સ્વામીનો સંબંધ જો રાહુ-કેતુ સૂર્ય-મંગળ અને બુધ સાથે થતો હોય તો એવા જાતકને કોઈ સંત મહાત્મા કે ઉચ્ચ કોટીના પવિત્ર હસ્તીના આશીર્વાદથી જીવનમાં અમુલ પરિવર્તન આવે છે. યોગી આદિત્યનાથનો જન્મ ગુરુની મહાદશામાં થયો છે તેમનો ગુરુ આઠમાનો માલિક થઈને પાંચમે મૂળ નક્ષત્રમાં પોતાના સ્વરાત્રિમાં બળવાન બને છે. પાંચમું સ્થાન પૂર્વ જન્મના કર્મ ભોગવવાનું નિર્દેશન કરે છે. તેમની કુંડલીમાં લગ્નેશ સૂર્ય, સપ્તમેશ શનિ અને લાભેશ બુધની કર્મ સ્થાનમાં રાજયોગ કરતી યુતિ છે અને લાભ સ્થાનમાં રહેલ મંગળ-શુક્રનો પ્રતિયુતિ ગુરુ સાથે થાય છે. ચલિતમાં રાહુ-કેતુનો યોગ ગુરુ-મંગળ શુક્ર સાથે થાય છે અને બુધ- શુક્રના પરિવર્તન યોગના કારણે આ તમામે તમામ ગ્રહો આઠમાના માલિક ગુરુના સંપર્કમાં આવતા હોવાથી કોઈના આશિર્વાદના શુભ ફળનું નિર્દેશન કરે છે. માટે જ એક મઠના પુજારી કે ગાદિપતિ, દેશના સૌથી વિશાળ અને શક્તિશાળી રાજ્યના સિંહાસન પર આરૂઢ થઈને દેશની રાજનીતિમાં હાહાકાર મચાવ્યો.

આની શરૂઆત 1998માં પ્રથમ વખત સંસદમાં નાની ઉંમરે પ્રવેશવામાં મદદ કરનાર સાતમાના માલિક શનિની મહાદશામાં આઠમાં જે પૂર્નજન્મના સ્વામી ગુરુ જે પૂર્વજન્મના કર્મનું ફળ આપનાર ગુરુની અંતરદશામાં કોઈના આશિર્વાદથી શક્ય બન્યુ. માર્ચ 2017માં ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી બન્યા ત્યારે ફેબ્રુઆરી 2017 થી ફેબ્રુઆરી 2024 સુધીની કેતુની મહાદશા હતી. રાહુ અને કેતુ પુર્નજન્મ અને પૂર્વજન્મના કર્મનું ફળ આપનાર ગ્રહો છે. તથા કોઈ આશીર્વાદથી સિદ્ધિ આપનાર છે. રાહુ અને કેતુને વૈદિક જ્યોતિષમાં અશુભ અને પાપ ગ્રહો માનવામાં આવે છે. પરંતુ આ બંને ગ્રહો પવિત્રતા, નૈતિકતા ધર્મ પરાપણતા, માનવતા, ચારિત્ર્ય અને ન્યાય શિષ્ટ સાથે સંબંધ ધરાવે છે. જ્યાં સુધી જાતક પોતાના માનવધર્મને અનુસરે છે ત્યાં સુધી આ છાયા ગ્રહોના આશિર્વાદ મળતા રહે છે અને કોઈ દિવ્ય આત્મના આશીર્વાદ પણ ત્યાં સુધી જ સાથે રહે છે કારણકે જાતકના વર્તમાન જીવનના કર્મો કર્મફળને દિશા આપતા હોવાથી ઉચ્ચ પદ પર બિરાજમાન જાતકને તમામ પ્રકારના લોકોની શુભ કામના અને ધિક્કાર મળતા રહે છે જો ધિક્કારનું કે નકારાત્મકતાનું પ્રમાણ વધવા માંડે ત્યારે ન્યાયના દેવ-રાહુ-કેતુની સાથે શનિનો પ્રકોપ વધવા માંડે છે. હાલમાં યોગી આદિત્યનાથને સાડા સાતીનો ત્રીજો ઉતરતો તબક્કો ચાલે છે. જે ફેબ્રુઆરી 2028 સુધીનો છે. તેમનો શનિ માર્કેશ થઈને સૂર્ય-બુધ સાથે સત્તા સ્થાનમાં અસ્તનો છે. સામાન્ય રીતે સિંહ લગ્નમાં શનિનું શુભ ફળ મળતું નથી ઉપરાંત સૂર્ય-શનિની યુતિ જાતકને સર્વોત્તમ સ્થાન પર લઈ જાય છે અને અચાનક પતન કરે છે. ગોચરના શનિની દૃષ્ટિ જન્મના સૂર્ય પર પડે છે. જે અચાનક અણધાર્યા પરિવર્તનનો સંકેત આપે છે. ગોચરનો રાહુ સાતમાં ભાવ જે જાહેર જનતાનું છે ત્યાંથી પસાર થાય છે જે જનતામાં ભ્રમ ફેલાવે તેમજ લોકોની સામે વાસ્તવિકતા લાવીને ખુલ્લા પાડી દે છે. ખાસ કરીને ધર્મ-ન્યાય, સામાન્ય લોકોને લગતી બાબતો સાથે અન્યાય થાય તો તેના પરિણામ ભયાનક આવતા હોય છે. 1981થી 2000 સુધી શનિની મહાદશા હતી. શનિ માર્કેશ છે તેમજ માતાના કારકચંદ્ર પર દસમી દૃષ્ટી અને પિતાના કારક સૂર્ય સાથે યુતિના કારણે માતા-પિતા પરિવારની વિયોગના યોગ કરે છે તેમજ કઠોર જીવન જીવવા મજબૂર કરે છે. તેમજ નાની -ઉંમરે મોટી જવાબદારીના બોજ નીચે લાવીને શિસ્તબધ્ધ જીવન જીવવા પ્રેરીત કરે છે અને જીવનની મહત્ત્વની જરૂરીયાતથી વંચીત રાખે છે. અથવા અમુક સુખના અભાવ કે પછી ફરજીયાત સંયમ પૂર્ણ અને મર્યાદિત સગવડ સાથે જીવવું પડે. મોટાભાગે કર્મસ્થાનના સૂર્ય-શનિવાળા જાતકો જીવનમાં એક વખત સર્વોચ્ચ સ્થાન પર જાય છે અને પતન પણ થાય છે. સર્વોચ્ચ સ્થાન પર લઈ જનાર રાજયોગ બંને કેન્દ્રના માલિક સૂર્ય-શનિની યુતિ છે. પણ પતન ક્યારે થાય? ક્યા પરીબળો કે ગ્રહોની સ્થિતિ જાતકને પતન તરફ લઈ જાય? હાલમાં યોગીજીની કુંડલીમાં નિષ્ફળતાના યોગ ચાલે છે.

તેમની કુંડલીમાં ત્રીજાનો સ્વામી શુક્ર જે સિંહ લગ્નમાં અકારક કે મારક બને છે તેની મહાદશા ચાલે છે ભાગ્યના માલિક મંગળ સાથે શુક્રની યુતિ, પ્રથમ દૃષ્ટિએ રાજયોગ કે શુભફળ દાતા દેખાય છે. પણ તે સંસારી કે વેપાર ઉદ્યોગ- અથવા કોઈ મોટી કંપનીના માલિક માટે રાજયોગ બને પણ એક સન્યાસી માટે તે રાજયોગ-સજાનારૂપમાં ફેરવાઈ જાય છે. ભાગ્ય સ્થાન ધર્મ-અધ્યાત્મ અને ભાગ્યનું છે. મંગળ-શુક્રની યુતિને શુભ માનવામાં આવતી નથી. આ રીતની યુતિવાળા જાતકો ધર્મ-પ્રમાણિકતા, અધ્યાત્મ, પવિત્રતા, પરોપકારીક્તા કે કુદરતના નિયમોમાં રહી શકતા નથી. યોગીજી એક સન્નાસી છે. તેમનાથી ધર્મ બાબતે કોઈ ભૂલ થાય તો માફી મળે નહી. શુક્ર એટલે સાક્ષાતા દેવી ભાગતવી તે મંગળ સાથે અશુ બને છે. શુક્રને સંબંધ આઠ અને પાંચ, પૂર્નજન્મ અને પૂર્વ જન્મના સ્વામી ગુરુ સાથે છે. જે દેવી આશિર્વાદને હણવામાના યોગ કરે છે. તે પછી જુન 2028 સૂર્ય-શુક્રમાં સૂર્યનો અંતર દશા પણ શુભ નથી. માર્ચ 2027માં આવનાર ચૂંટણી આજ ગ્રહયોગમાં થશે. તેનનો શુક્ર વક્રી છે. અને ગુરુ પણ વક્રી છે. વક્રી ગ્રહ ભૂતકાળની ભુલનું ફળ પ્રબળ રીતે આપતા હોય છે એ જોતા યોગીજી ત્રીજી વાર યુપીના સીએમ બની શકે તેમ નથી. જોકે તેમની કુંડલી સાચી છે કે નહી તે પાકુ નથી પણ ચંદ્ર કુંડલી પ્રમાણે તેમનો સમય પ્રતિકુળ ચાલે છે.

રાહુ અને કેતુને વૈદિક જ્યોતિષમાં અશુભ અને પાપ ગ્રહો માનવામાં આવે છે. પરંતુ આ બંને ગ્રહો પવિત્રતા, નૈતિકતા ધર્મ પરાપણતા, માનવતા, ચારિત્ર્ય અને ન્યાય શિષ્ટ સાથે સંબંધ ધરાવે છે

અનુસંધાન ... પાના પહેલાનું

અડવાણી, જયશંકર,...

મોકલવાનું કોઈ કારણ દર્શાવ્યું નથી, જ્યારે મીરની નોટિસમાં "માતા-પિતાના નામામાં વિસંગતતા" તરફ ઈશારો કરવામાં આવ્યો છે. તેમના પત્ની સીમાની નોટિસમાં દર્શાવવામાં આવેલું કારણ "તેમના પોતાના નામામાં મેળ ન બેસવો" છે.

ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ નોટિસો મતદાતાઓ દ્વારા તેમના ગણતરી ફોર્મમાં આપેલી વિગતોમાં "તાર્કિક વિસંગતતાઓ"ના કારણે પાઠવવામાં આવી છે. જે ૩૩.૧૩ લાખ મતદાતાઓને નોટિસ આપવામાં આવી છે તે યાદીમાં અડવાણી અને સિસોદિયાના નામ હોવાની પુષ્ટિ કરતાં તેમણે કહ્યું, "આવા મતદાતાઓ દ્વારા રજૂ કરવામાં આવનારા તથ્યો અને દસ્તાવેજોની યોગ્ય ચકાસણી પ્રક્રિયા પછી જ તેમના નામ આખરી મતદાર યાદીમાં ઉમેરવામાં આવશે." તેમણે ઉમેર્યું હતું કે, તથ્યો અને દસ્તાવેજોની ચકાસણીની પ્રક્રિયા હાલ ચાલુ છે અને તે મુજબ એન્ટ્રીઓની માન્યતા ચકાસવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, આપ (AAP) સુપ્રીમો અર્વિંદ કેજરીવાલ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલને પણ આવા જ કારણોસર નોટિસ પાઠવવામાં આવી છે. ગુપ્તાની એન્ટ્રી દસ્તાવેજોની ચકાસણી બાદ માન્ય કરવામાં આવી હતી, અને તેમનું નામ ૪ નવેમ્બરે પ્રકાશિત થનારી શાલિમાર બાગ મતવિસ્તારની અંતિમ મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે રાખવામાં આવ્યું છે. દિલ્હી CEO કાર્યાલયે જણાવ્યું છે કે એવા મતદાતાઓને નોટિસ આપવામાં આવી રહી છે જેમના નામ છેલ્લી SIRની મતદાર યાદી સાથે લિંક થઈ શક્યા નથી અથવા જેમના વિવરણમાં અગાઉની યાદી સાથે લિંક કરતી વખતે વિસંગતતાઓ જોવા મળી હતી.

AIના વિકાસની ઝડપ...

આમ કરવાથી ગ્રાહકોને પેઇડ એઆઈ સબ્સ્ક્રિપ્શન્સ સામે જે મૂલ્ય મળવું જોઈએ તેમાં ઘટાડો થશે.

મુકદમામાં દલીલ રજૂ કરવામાં આવી છે કે, આ સમજૂતી મોટા ભાગે 12 સપ્ટેમ્બરના રોજ થઈ હતી, જ્યારે એન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમોદઈએ ઉન્નત સુરક્ષા પગલાંઓની તરફેણમાં એઆઈની પ્રગતિને મંથર કરવા માટે ઉદ્યોગવ્યાપી સહકારની માંગણી કરતો એક લેખ પ્રકાશિત કર્યો હતો.

તે જ દિવસે ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન, સ્પેસએક્સએઆઈના સીઈઓ ઈલોન મસ્ક અને ગૂગલ ડીપમાઈન્ડના સહ-સ્થાપક અને અધ્યક્ષ ડેમિસ હસાબિસે અમોદઈના પ્રસ્તાવોના સમર્થનમાં સાર્વજનિકપણે પ્રતિક્રિયા આપી હતી.

વાદીઓ દ્વારા દલીલ કરવામાં આવી છે કે, "એઆઈ ક્ષેત્રના મુખ્ય હરીફો વચ્ચે એક એવો કરાર થવો કે તેમની પ્રગતિ 'સ્પર્ધા દ્વારા થતી પ્રગતિ ધીમી હોવી જોઈએ' તે ગ્રાહકો પર સ્પર્ધા વિરોધી અસર કરે છે."

રાષ્ટ્રપતિ મુર્મુ આજથી...

'સ્પિરિચ્યુઅલ અવેકનિંગ ફોર વર્લ્ડ રિન્યુઅલ' (વિશ્વ કલ્યાણ માટે આધ્યાત્મિક જાગૃતિ)નો પ્રારંભ કરશે અને ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ રિટ્રીટ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે.

નિવેદનમાં જણાવાયું છે કે, રાષ્ટ્રપતિ મુર્મુ આ પ્રસંગે નડિયાદની બ્રહ્માકુમારીઝના અભિયાન 'યુથ ફોર વિકસિત ભારતઃ અવેકનિંગ ઈનર સ્ટ્રેન્થ ફોર નેશન બિલ્ડિંગ' (વિકસિત ભારત માટે યુવાઃ રાષ્ટ્ર નિર્માણ માટે આંતરિક શક્તિની જાગૃતિ)નો પણ વર્ચ્યુઅલ રીતે પ્રારંભ કરશે.

મુંબઇમાં બેકાબૂ...

રવિવારે (20 સપ્ટેમ્બર 2026) વહેલી સવારે આશરે 5:20 વાગ્યે બનેલી આ કાળજું કંપાવી દેનારી દુર્ઘટનામાં અમદાવાદના 3 યુવાનોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

આ ઘટના દક્ષિણ મુંબઈમાં કોસ્ટલ રોડ પર લાલા લજપતરાય કોલેજની સામે, લોટસ જેટી નજીક વહેલી સવારે 5:20 વાગ્યે બની હતી. પોલીસ અને કંટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર, કાર અત્યંત પૂરઝડપે દોડી રહી હતી. લોટસ જેટી નજીક એક તીવ્ર વળાંક પર સ્પીડ વધુ હોવાને કારણે ડ્રાઇવરે કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર બ્રિજની રેલિંગ અને ડાયરેક્શન બોર્ડ તોડીને સીધી નીચે નિર્માણ હેઠળના પાર્કિંગ વિસ્તારમાં 75 ફૂટ નીચે ફૂટબોલની જેમ ઉછળીને ખાબકી હતી. કારમાં સવાર ચારેય યુવકો મૂળ અમદાવાદના હતા અને મુંબઈની કોલેજમાં અભ્યાસ કરતા હતા. આ અકસ્માતમાં 21 વર્ષીય કાર હંકારનાર શનય ગજ્જર, 17 વર્ષીય ધૈર્ય શેઠ, 19 વર્ષીય આદિત્ય જકાસણિયા, ત્રણેયના ઘટનાસ્થળે મોત થયાં હતાં, જ્યારે 23 વર્ષીય આદિત્ય ઓસવ ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે, હાલ મુંબઈની નાયર હોસ્પિટલના ટ્રોમા વોર્ડમાં વેન્ટિલેટર પર જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. અકસ્માતની ભયાનકતાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, અને અકસ્માતનો લાઇવ વીડિયો ખૂબ વાયરલ થયો હતો. આ અકસ્માત વહેલી સવારે થયો હોવાથી રસ્તા પર અવર જવર ઓછી હતી, નહીંતર જાનહાનિ મોટી થઇ હોત એવી પુરી શક્યતા હતી.

યુક્રેનનો રશિયા પર...

માટે આ હુમલામાં વિવિધ પ્રકારની મિસાઈલો અને ડ્રોનનો ઉપયોગ કર્યો હતો - જેમાં યુક્રેનની સ્વદેશી રીતે નિર્મિત ફ્લેમિંગો અને પેલિકન મિસાઈલોનો પણ સમાવેશ થાય છે.

"યુદ્ધ મશીનને ટકાવી રાખતા અબજો ડૉલર છે." એમ ઝેલેન્સ્કીએ રશિયાની અર્થવ્યવસ્થા પર કિવ જે આર્થિક દબાણ લાવવા માંગે છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું.

રશિયામાં ચાલી રહેલું મતદાન એ દેશની પ્રથમ યુદ્ધ સમયની સંસદીય ચૂંટણી છે - એક એવી મતદાન પ્રક્રિયા જેમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નીતિઓનો લગભગ કોઈ વિરોધ થયો નથી, જેનાથી ક્રેમલિનનું વર્ચસ્વ અને મજબૂતી લગભગ નિશ્ચિત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર વર્ષ કરતા વધુ સમયથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને તે ધાર્યા કરતા ઘણુ લંબાયું છે. આમા અત્યાર સુધી હજારો લોકોનાં મોત થયા છે. વધુ મોત યુક્રેન તરફ થયા છે તે છતા યુક્રેને દેખીતી રીતે પશ્ચિમી દેશોની સહાયથી રશિયાના હુમલાનો મક્કમ જવાબ આપ્યો છે અને છેલ્લા કેટલાક સમયથી તેના હુમલાઓમાં ઉગ્રતા પણ આવી છે. યુક્રેને તાજેતરના મહિનાઓમાં રશિયા વિરૂદ્ધ પોતાના લાંબા અંતરના ડ્રોન હુમલા તેજ કર્યા છે, તેવામાં આ હુમલાઓ કરવામાં આવ્યા છે. ખાસ કરીને રશિયાના ઊર્જા માળખાને નિશાન બનાવવામાં આવી રહ્યું છે, જેથી ક્રેમલિનની આવકના મુખ્ય સ્ત્રોતને અસર પહોંચાડી શકાય, જેના દ્વારા તે તેના યુદ્ધ માટે ફંડ મેળવે છે. આ યુદ્ધ હવે તેના પાંચમા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. આ મહત્વની રિફાઈનરી પર તાજેતરના મહિનાઓમાં પણ યુક્રેનિયન હુમલાઓ થઈ ચૂક્યા છે. આ તાજેતરનો હુમલો એવા સમયે થયો છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે યુક્રેન અને રશિયા એકબીજાના ઊર્જા મથકો પર હુમલો નહીં કરવા સંમત થયા છે. આ સિવાય, ફેબ્રુઆરી ૨૦૨૨માં મોસ્કોએ યુક્રેનમાં પોતાના સૈનિકો મોકલ્યા પછી - જેણે એક એવા સંઘર્ષને જન્મ આપ્યો જેમાં સેંકડો લોકો માર્યા ગયા છે - રશિયનોએ શુક્રવારે દેશની પ્રથમ સંસદીય ચૂંટણીમાં મતદાન કરવાનું શરૂ કર્યું તેના તરત બાદ જ આ હુમલો થયો છે.

રશિયાએ યુદ્ધમાં...

ચાલી રહ્યું છે. સુરક્ષાના કારણોસર અધિકારીઓએ આ સમયગાળો લંબાવ્યો હોવાનું જણાવ્યું હતું. રશિયન અધિકારીઓનું કહેવું છે કે, ડોનેત્સ્ક, લુહાન્સ્ક, ખેરસન અને ઝાપોરિઝિયા પ્રદેશો, જેને મોસ્કોના અધિકારીઓ ઘણીવાર 'નવા પ્રદેશો' તરીકે ઓળખાવે છે, ત્યાં ૩૫ લાખ કરતાં વધુ મતદારો છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં સંપૂર્ણ રીતે મોસ્કોના નિયંત્રણ હેઠળ ન હોવા છતાં,રશિયાએ તેને પોતાના કબજામાં લઈ લીધા હતા. આ પગલાને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી નથી. ડોનેત્સ્ક પ્રદેશના રશિયાના કબજા હેઠળના ભાગમાં એક મતદાન મથક પર એક સશસ્ત્ર રશિયન સૈનિક નજીકમાં ઊભા રહીને જોઈ રહ્યો હતો ત્યારે મતદારોએ તેમના મતપેટીમાં મત નાખ્યા હતા.

નેપાળમાં પૂર...

૧૩,૭૮૪ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. નેપાળ પોલીસે અંદાજ લગાવ્યો છે કે, પૂર પછી હજી પણ આશરે ૬,૦૦૦ લોકો ગુમ છે.

ગાડીના કોન્ટ્રાકટ આપવાના છે

ગુજરાતના સૌથી પ્રતિષ્ઠિત દૈનિક "ગુજરાતમિત્ર" ને સુરત થી વાપી રૂટો ઉપર અખબારની કોપી પહોંચાડવાના ગાડીનાં કોન્ટ્રાક્ટ આપવાનાં છે. રસ ધરાવનારાઓ **81539-99902** ઉપર સંપર્ક કરે અથવા નીચેના સરનામે રૂબરૂ મળે. સમય ૧૧.૦૦ થી ૭.૦૦

સરનામું :- ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, ચોક બજાર, સુરત - 395003.

મોજે ગામ : માસમાનાં બ્લોક નંબરઃ ૩૪૪ વાળી જમીન વેચાણ અંગે ટાઈટલ ક્લીયરની જાહેર નોટીસ

આથી લાગતા–વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકેઃ ઓલપાડનાં **મોજે : માસમાનાં ખાતા નંબર : ૨૬૧**, જેનો રે. સર્વે નં.: ૨૦૬/૧, **બ્લોક નંબર : ૩૪૪, જેનો આકાર રૂ.૩૧–૨૫** પૈસાવાળી ખેડખાતાની ટાઈટલ કલીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે **ક્ષેત્રફળ હે.આરે. ૨–૧૨–૪૬ ચો.મી.** વાળી બીન ખેતી પ્રિમીયમને પાત્રની પિયત જમીન પૈકી પોતાના હીસ્સાની ક્ષેત્રફળ હે.આરે. ૧–૦૬–૨૩ ચો.મી. વાળી ખેતીની જમીન **રમેશભાઈ લાલભાઈ** ની કુટુંબની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન–મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો– વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબંધ, કે દાવો, બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિન–૭**માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો–વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન માલીકની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલનાં નામે કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો–વિરોધ, દાવા–દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી. ઉપર મુજબની મીલકતનાં વેચાણ બાબતની જાહેર નોટીસ અમારી સુચના અને સંમતિથી તથા માલીકની ફરમાઈશથી આપવામાં આવેલ છે. ઉપર જણાવેલી તમામ હકીકતો અમારા જણાવ્યા મુજબ સાચી અને ખરી છે.

ઓફિસઃ ૩૩૭, એ.આર.મોલ,
મોટા વરાછા, વરાછા, સુરત.
મો. ૯૪૨૯૮ ૩૫૯૨૨

ડેનીશા વી. ભડીયાદ્રા
તે ખરીદનારના એડવોકેટ

જાહેરાત

ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા, મહાનગરપાલિકા સુરત દ્વારા કાર્યરત સુરત મહાનગરપાલિકાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે માનદસેવાઓ લેવા માટેના માનવબળની જાહેરાત સને. ૨૦૨૬-૨૭

આઈ.સી.ડી.એસ શાખા, સુરત મહાનગરપાલિકા હસ્તકના ૧૦ ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે લેવાના થતા માનવબળની વિગતઃ
(અરજી માટે વેબસાઈટઃ https://e-hrms.gujarat.gov.in)

તાલુકા/વોર્ડની સંખ્યા	ઘટકની સંખ્યા	માનવબળ તરીકે આંગણવાડી કાર્યકરમાં લેવાની થતી હાલની/ સંભવિત સંખ્યા	માનવબળ તરીકે આંગણવાડી તેડાગરમાં લેવાની થતી હાલની/ સંભવિત સંખ્યા
૩૦	૧૦	૬૦	૧૧૭

- માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલા જે તે આંગણવાડી કેન્દ્રના વોર્ડના વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેનું મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- સદર માનદસેવા બાબતે અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલાની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનવબળની સેવા માટે અરજી કરનાર ઈચ્છુક મહિલાની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનવબળની સેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી તા.૨૧/૦૯/૨૦૨૬ થી તા.૧૪/૧૦/૨૦૨૬ રાત્રે (૧૨.૦૦ કલાક સુધી) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની માનવબળની માનદસેવા માટે અરજી કરવા જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦૦૦૦/- અને આંગણવાડી તેડાગર-૫૫૦૦/- ને મળતા માનદવેતન પ્રમાણે માનવબળની માનદસેવા માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા માનદસેવા આપવા ઈચ્છુક મહિલાની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઈચ્છુક મહિલા અરજી કરીશકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. લેવાના થતા માનવબળની સેવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોક્યુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે માનદસેવા આપવા ઈચ્છુક મહિલા દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ્દ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે સુરત કોર્પોરેશનનાં સંબંધિત વોર્ડના બાળ વિકાસ યોજના અધિકારી, મહાનગરપાલિકાનો સંપર્ક કરવો.

નં.પી.આર.ઓ./૨૩૯-૨૦૨૬-૨૭
તા. ૧૯/૦૯/૨૦૨૬

મ્યુનિસિપલ કમિશ્નર
મહાનગરપાલિકા

-:: જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ, તા. ઓલપાડના મોજે ગામ : **અછારણના ખાતા નંબર : ૪૫૪, બ્લોક નંબર : ૪૦, ક્ષેત્રફળ સુમારે : ૦–૩૧–૩૬ હે.આ. ચો.મી. જેનો આકાર રૂ. ૪.૨૫ પૈસાવાળી જુની શરતની એવી ખેડખાતાની પિયત જમીનના સ્વતંત્ર માલિક દિપકભાઈ ઉર્ફે દિલીપભાઈ મણીલાલ પટેલ** હોવાનું જણાવી તેઓએ સદર મિલકત મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. મારા અસીલ નકકી મુદ્દતમાં સદર મિલકતનો વેચાણ અવેજ ચૂકવી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. માટે મજકુર મિલકત ઉપર કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી કે પેઢી, રાષ્ટ્રીયકૃત બેંક કે સહકારી બેંકોનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, લિયન, ચાર્જ, બોજો યા ઈઝમેન્ટનો હકક હોય તો **દિન-૧૦ (દસ)**માં દસ્તાવેજી પુરાવાઓ સાથે મને જાણ કરવી અથવા રૂબરૂ મળી જવું. મુદ્દત વિત્યે તેવી જાણ કરવામાં નહીં આવે તો મારા અસીલ મજકુર મિલકતનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની પાછળથી કોઈની કોઈપણ તર-તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી. **તા. ૨૧/૦૯/૨૦૨૬**

વિશાલ એસ. પટેલ તથા વૈભવ બી. જોષી
તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફિસ : ૧૦૧, શ્રીનિવાસ એપાર્ટમેન્ટ, ગુરૂગોવિંદ નગર સોસાયટી, અમીધારા વાડી રોડ, અડાજણ, સુરત. (મો.) : ૯૮૨૫૮ ૧૦૭૭૫

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૨૦ જૂન ૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. મુકેશ કુમાર ઠાકરે ૨.હિરાલાલ હિમ્મતભાઈ ઠાકરે ૩.નંદિની મુકેશ ઠાકરે** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૯,૪૫,૬૨૮.૦૭/– (અંકે રૂપિયા નવ લાખ પિસ્તાલીસ હજાર છસો અઠ્ઠાવીસ અને સાત પૈસા પુરા) તા.૧૬ જૂન ૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ નો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૯,૪૫,૬૨૮.૦૭/– (અંકે રૂપિયા નવ લાખ પિસ્તાલીસ હજાર છસો અઠ્ઠાવીસ અને સાત પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રામ ક્રિષ્ના રેસીડન્સી–૧ નો પ્લોટ નં. ૧૩૮ પ્લાન મુજબ માપ ૪૧.૦૧ ચો.મીટર, સાઈટ મુજબ માપ ૩૮.૯૫ ચો.મીટર એટલે કે ૪૬.૫૮ ચો.વાર (કે જે પી મુજબ બ્લોક નં. ૨૩૦/૧૩૮) ૨૨.૪૮ ચો.મીટર ના વણવહેચાયેલા જમીન હિસ્સા સહિત બ્લોક નં. ૨૩૦, ૨૩૧,૨૩૨,૨૩૩,૨૩૪,૨૩૫,૨૩૬, ૨૩૮, ૨૪૦, ૨૪૧,૨૪૫,૨૪૬, બ્લોક નં.૨૩૦ મોજે ગામ મોતા તાલુકા બારડોલી, જીલ્લા સુરત, ગુજરાત–૩૯૪૩૪૫ અને જેની ચર્તુસીમા **પુર્વે :** સોસાયટી રોડ, **પશ્ચિમે :** બ્લોક નં. ૨૨૭, **ઉત્તરે :** પ્લોટ નં. ૧૩૭, **દક્ષિણે :** પ્લોટ નં. ૧૩૯ આવેલ છે.

તારીખ : ૧૭–૦૯–૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૨૮૨૧૮૫૭૯

સહિ/– **અધિકૃત અધિકારી,**
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ગોથાણ શાખા : ગોથાણ વસવારી રોડ, ગોથાણ, સુરત, ગુજરાત–૩૯૪૧૩૦ (મો.): ૮૯૮૦૦ ૨૬૭૨૫
Email : gothan@bankof baroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)[ધારા ૧૩(૪)
સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૮.૦૬.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી અંકિત ભરતભાઈ ઠુમ્મર (દેવાદાર), અને શ્રી કેયુરભાઈ ભરતભાઈ ઠુમ્મર (સહદેવાદાર અને ગીરવેદાર)** નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૨૯,૬૧,૧૯૬.૮૯ (રૂા.ઓગણત્રીસ લાખ એકસઠ હજાર એકસો છન્નું અને નેવ્યાંસી પૈસા પુરા) વત્તા અન્ય ચાર્જીસ** અને **તેના પર વ્યાજ** આ નોટીસ પ્રાપ્તિની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો **તારીખ ૧૮મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.**

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૯,૬૧,૧૯૬.૮૯ વત્તા** અન્ય ચાર્જીસ અને તેના પર વ્યાજ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે વ્રજ વિવાંતા, ની બિલ્ડીંગ નં. ઈ ના ૧૦મા માળ નો ફ્લેટ નં.૧૦૦૧, રેરા રૂલ મુજબ એકટ– ૨૦૧૬ માપ ૫૮.૬૪ ચો.મી કારપેટ એરિયા વણવહેચાયેલ હિસ્સા ના તમામ હક સાથે બાંધકામ થયેલ જમીન નો રેવન્યુ સર્વે નં. ૧૭૩/૧ અને ૧૭૩/૨, બ્લોક નં.૧૯૮ માપ ૮૬૦૦ ચો.મી, ટી.પી.સ્કીમ નં.૬૦ (પુણા), ફાઈનલ પ્લોટ નં.૭૦ માપ ૬૮૮૦ ચો.મી, મોજે ગામ.પુણા, સબ ડિસ્ટ્રિકટ, પુણા (સુરત સીટી), જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડેનો ફ્લેટ નં.ઈ/૧૦૦૨, **પશ્ચિમ તરફ :** જોડેની ખુલ્લી જગ્યા, **ઉત્તર તરફ :** જોડેનો ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ :** જોડેનો ફ્લેટ નં.ઈ/૧૦૦૪.

તા. : ૧૮.૦૯.૨૦૨૬ | સ્થળ : સુરત **અધિકૃત અધિકારી,બેંક ઓફ બરોડા, ગોથાણ શાખા**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

વડપાડા નેસુ શાખા : મુ. નારણપુર, તા.ઉચ્છલ, જી.તાપી, ગુજરાત – ૩૯૪૩૭૫
ફોન : ૮૯૮૦૦૨૬૭૫૦ E-Mail : vadsur@bankofbaroda.co.in

પરિશિષ્ટ –૪ (રૂલ ૮(૧) હેઠળ) કબજા નોટીસ (સ્થાયી મિલકત)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા, વરપાડા નેસુ શાખા, જી.તાપી,** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૭/૦૨/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી સંતોષ શ્રીરામ વાઘ અને શ્રીમતી જાગૃતિ સંતોષ વાઘ (સહદેવાદાર) અને શ્રી કિશન હનુમાનભાઈ અગ્રવાલ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૨,૮૧,૯૪૯.૧૮/– (અંકે રૂા. બાર લાખ એક્યાસી હજાર નવસો ઓગણપચાસ અને અઢાર પૈસા પુરા) તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ અને અન્ય ચાર્જીસ સાથે** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહ–દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) કે જે સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/સહ–દેવાદાર/જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,** ની રકમ **રૂા.૧૨,૮૧,૯૪૯.૧૮/– (અંકે રૂા. બાર લાખ એક્યાસી હજાર નવસો ઓગણપચાસ અને અઢાર પૈસા પુરા) તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ અને અન્ય ચાર્જીસ સાથે** ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ એકટની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક્ક ટાઈટલ અને હિત ધરાવતી મિલકત કે જે સબ પ્લોટ નં.૩ જેનું પ્લોટ એરીયા માપ ૫૨.૬૯ ચો.મી. (મંજુર થયેલ પ્લાન મુજબ), એન.એ. થયેલ જમીન રેવન્યુ સર્વે નં.૬૬ પૈકી ૩/પૈકી ૧/પૈકી ૧/પૈકી ૧, મોજે ગામ. માણેકપુર, તા.ઉચ્છલ, જી.તાપી ખાતે આવેલ છે. જે શ્રી સંતોષ શ્રીરામ વાઘ અને શ્રીમતી જાગૃતિ સંતોષ વાઘ ની માલિકી ની છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** સબ પ્લોટ નં.૨, **પશ્ચિમ તરફ :** સબ પ્લોટ નં.૪, **ઉત્તર તરફ :** રોડ, **દક્ષિણ તરફ :** સબ પ્લોટ નં.૧૩૮.

તા. ૧૮.૦૯.૨૦૨૬ | સ્થળ : માણેકપુર, જી.તાપી **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, વડપાડા નેસુ શાખા**

::પાવર ઓફ એર્ટની રદ્દ કર્યાની જાહેર નોટીસઃ:

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ સુરત, તાલુકા ચોર્યાસી **(હાલ મજુરા)**ના, **મોજે ગામ ડુમસ**ના **રેવન્યુ સર્વે નં.૮૧૨ હિસ્સા નંબર ૧** વાળી જુની શરતની જમીન તથા મોજે ગામ ડુમસના **રેવન્યુ સર્વે નં.૮૧૨ હિસ્સા નંબર ૨** વાળી જુની શરતની જમીન છે તે જમીન તથા અન્ય જમીનોમાં આયોજીત **'સાઈલન્ટ ઝોન'** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.૩૧૪** વાળી જમીન જેનું ક્ષેત્રફળ સુમારે ૮૮૧ ચો.મી. યાને ૧૦૫૩ સ.ચો.વાર છે, તે પ્લોટવાળી મિલકતના માલિક હમો નીચે સહી કરનાર ચાલી આવેલ છે. જે મિલકત અંગે હમો નીચે સહી કરનાર કિરીટભાઈ અશ્વિનભાઈ પટેલ, રહે. ૧૬, મહાદેવનગર સોસાયટી, કેનેરા બેંકની ગલીમાં, સગરામપુરા, રીગ રોડ, સુરતનાએ મારા વતી કાર્યો કરવા માટે એક પાવર ઓફ એર્ટની તા.૩૧.૦૩.૨૦૧૭ ના રોજ જયંતીભાઈ શીવલાલ શાહ, રહે. બી/૩૦૨, શ્રીધર કોમ્પ્લેક્ષ, ગેલ ટાવર રોડ, પાલનપુર પાટીયા, સુરતનાને આપેલ હતો. હમોએ જયંતીભાઈ શીવલાલ શાહને આપેલ પાવર ઓફ એર્ટની આજ રોજ રદ્દ કરીએ છીએ જયંતીભાઈ શીવલાલ શાહનાએ હમોના કુલમુખત્યારની હેસીયતથી આજસુધી જે કાંઈપણ કાર્યો કરેલ છે તેવા કાર્યોની હમોને કોઈ જાણકારી નથી. હવે પછી જનરલ પાવર ઓફ એર્ટનીમાં જણાવેલ સ્થાવર મિલ્કત અંગે કોઈપણ વ્યકિતઓએ મારા કુલમુખત્યાર જયંતીભાઈ શીવલાલ શાહ સાથે કોઈ પ્રકારના કૃત્યો અને કાર્યવાહી કરવી નહી. તેમ છતાં જો કરવામાં આવશે તો તે હમોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. **મારી સુચના અને ફરમાઈશથી સહી/– કિરીટભાઈ અશ્વિનભાઈ પટેલ**

સારવી વી. પટેલ એવોકેટ
સરનામુંઃ– સી–૧/૩૦૩, શુભમ પાર્ક, પરશુરામ ગાર્ડન પાસે, અડાજણ,સુરત. ફોન નં. : ૮૪૬૯૪–૨૦૬૬૮

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ **સુરત** સબ ડિસ્ટ્રીકટ **ઓલપાડ** ના મોજે ગામ **વીહારા** ના સર્વે નંબર : ૯૪/પૈકી, ૮૮/૨, ૯૬/૨, ૯૬/૧/અ/પૈકી, ૯૬/૧/બ/પૈકી તથા ૧૦૮/૧ ના **બ્લોક નંબર : ૧૧૮/ક** વાળી જમીન કે જેનું **૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૨–૩૫–૯૫ ચો.મી. યાને ૨૩૫૯૫.૦૦ ચો.મી.** છે. તેમજ આકાર રૂા. ૨૮.૭૮ પૈસા તથા હાલનો ખાતા નંબર : ૨૮૩ છે. તે આખી જૂની શરતની જમીન તથા તેમાં આવવા–જવાના તેમજ તેને લાગુ એવા અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક–હિત હિસ્સા સહિતની મીલકત **(૧) ફાલ્ગુનભાઈ ચંદ્રકાંતભાઈ તથા (૨) પ્રિતીબેન ઉર્ફે પ્રતિમાબેન ફાલ્ગુનભાઈ** નાઓ તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની ચોખ્ખા ટાઈટલ વાળી હોવાનું જણાવી તેમજ જો કાંઈપણ બોજાઓ લીધેલ હોય કે ચાલી આવેલ હોય તો તે તમામ પ્રકારના બોજાઓ ભરપાઈ કરી આપી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઈના મજકુર જમીન પર સીધા / આડકતરા કાંઈપણ હકક, હિત, સંબંધ, દર–દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન–૭ (સાત)** ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઈપણ ઈસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઈપણ પ્રકારના ખોટા દાવા–દુવી, ખોટી તર–તકરારો કે ખોટા વાંધા–વિરોધો ઉભા કરવામાં / કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા–દુવી સિવાય મીલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
મેહુલ એસ. લખાણી
હિરેન એચ. સતાણી
તે ખરીદનારના એડ્વોકેટ્સ

સ્થળ : સુરત તા. ૨૧/૦૯/૨૦૨૬
RISE UP ASSOCIATES®
૩૩૧–૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એંકલેવ–૧, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો. ૮૮૬૬૬ ૦૧૪૧૫ – ૯૮૦૯૮ ૮૮૦૫૫